# 7. नाट्यमेतन्मया कृतम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃતની નાટ્યશાસ્ત્રીય વિચારણાનો પ્રારંભ આચાર્ય ભરતથી થાય છે. નાટ્યાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામેલા આ આચાર્ય ઈ.સ.ની ત્રીજી શતાબ્દીની આસપાસ થઈ ગયા છે. એમણે રચેલો નાટ્યશાસ્ત્રના નામે જાણીતો ગ્રંથ સંસ્કૃતભાષાના વિદ્વાનોમાં તો પ્રસિદ્ધ છે જ, એ ઉપરાંત નાટ્યની સાથે સંબંધ ધરાવતી વિશ્વની અનેક ભાષાઓના વિદ્વાનોમાં પણ તેની તેટલી જ પ્રસિદ્ધિ છે. બીજી રીતે કહીએ તો એવો કોઈ નાટ્યવિદ્ મળવો મુશ્કેલ છે કે જે નાટ્યાચાર્ય ભરતથી પરિચિત ન હોય.

નાટ્યશાસ્ત્ર પોતાના નામ પ્રમાણે નાટ્યને લગતી પ્રાયઃ તમામ શાસ્ત્રીય બાબતોનો વિચાર કરે છે. એના પ્રથમ અધ્યાયમાં નાટ્યની ઉત્પત્તિને લગતી એક કથા આપવામાં આવી છે. તે મુજબ દેવો બ્રહ્મા પાસે ગયા અને તેમની પાસે એક એવા ક્રીડનીયક (રમકડા)ની માગણી કરી, જે આનંદ સાથે ઉપદેશ આપી શકે તથા દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે. આ માગણીના પ્રતિભાવમાં બ્રહ્માએ દેવોને જે ક્રીડનીયક આપ્યું, તે જ નાટ્ય. દેવોએ આ નાટ્યરૂપ ક્રીડનીયકને ભરત મુનિને આપ્યું. ભરતે પોતાના એક સો પુત્રોની મદદથી ઇન્દ્રધ્વજ મહોત્સવ પ્રસંગે સૌપ્રથમ નાટકની ભજવણી કરી.

નાટ્યની ઉત્પત્તિકથાના આ પ્રસંગમાં નાટ્યને લગતી કેટલીક મહત્ત્વની વિગતો પણ આપી છે. આમાંથી નાટ્યને ક્યાંથી અને કેવી રીતે આકાર આપવામાં આવ્યો છે (શ્લોક 1થી 3), આ નાટ્ય શું કરશે (શ્લોક 4થી 8) અને આ નાટ્ય શું છે (શ્લોક 9), એ ત્રણ બાબતોને લગતા નવ શ્લોકોનો સંગ્રહ અહીં કરવામાં આવ્યો છે. આ શ્લોકો અનુષ્ટુપ્ છંદમાં છે.]

---

सर्वशास्त्रार्थसम्पन्नं सर्वशिल्पप्रवर्तकम्।
नाट्याख्यं पञ्चमं वेदं सेतिहासं करोम्यहम्॥ १॥

एवं सङ्कल्प्य भगवान्सर्ववेदाननुस्मरन्।
नाट्यवेदं ततश्चक्रे चतुर्वेदाङ्गसम्भवम्॥ २॥

जग्राह पाठ्यमृग्वेदात्सामभ्यो गीतमेव च।
यजुर्वेदादभिनयान् रसानाथर्वणादपि॥ ३॥

क्वचिद्धर्मः क्वचित्क्रीडा क्वचिदर्थः क्वचिच्छमः।
क्वचिद्धास्यं क्वचिद्युद्धं क्वचित्कामः क्वचिद्वधः॥ ४॥

धर्मो धर्मप्रवृत्तानां कामः कामोपसेविनाम्।
निग्रहो दुर्विनीतानां विनीतानां दमक्रिया॥ ५॥

नानाभावोपसम्पन्नं नानावस्थान्तरात्मकम्।
लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम्॥ ६॥

दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम्।
विश्रान्तिजननं काले नाट्यमेतद्भविष्यति॥ ७॥

धर्म्यं यशस्यमायुष्यं हितं बुद्धिविवर्धनम्।
लोकोपदेशजननं नाट्यमेतद्भविष्यति॥ ८॥

न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला।
नासौ योगो न तत्कर्म नाट्येऽस्मिन्यन्न दृश्यते॥ ९॥

## ટિપ્પણી

**सर्वशास्त्रार्थसम्पन्नम् ( सर्वे चामी शास्त्रार्थाः - सर्वशास्त्रार्थाः ( कर्म. ), तैः सम्पन्नम्, तृ.त. )** બધા શાસ્ત્રાર્થોથી યુક્ત **सर्वशिल्पप्रवर्तकम् ( सर्वं च तत् शिल्पं - सर्वशिल्पम् ( कर्म. ), तेषाम् प्रवर्तकम् - ष.त. )** સર્વ શિલ્પોને-કલાઓને પ્રવર્તાવનારું **नाट्याख्यम्** નાટ્ય - એ નામના, નાટ્યનામથી પ્રસિદ્ધ એવા **सेतिहासम् ( इतिहासेन सहितम् - अ.भा. )** ઇતિહાસ સહિત **सङ्कल्प्य ( सम् + कल्प्** કલ્પવું, વિચારવું **+ क्त्वा > य > सं.भू.कृ. )** વિચારીને, સંકલ્પ કરીને **अनुस्मरन् ( अनु + स्मृ** યાદ કરવું **+ शतृ व.कृ. )** યાદ કરતાં કરતાં **नाट्यवेदम्** નાટ્યરૂપી વેદને **चक्रे ( कृ** કરવું, બનાવવું, રચવું **प.भू. अ. ए.व. )** બનાવ્યો. રચ્યો. **चतुर्वेदाङ्ग-सम्भवम् ( चतुर्वेदानाम् अङ्गानि - चतुर्वेदाङ्गानि, तेभ्यः सम्भवम् - पं.त. )** ચાર વેદ અને તેમનાં (છ) અંગોથી ઉત્પન્ન થયેલું, ઉદ્‌ભવેલું **जग्राह ( ग्रह्** ગ્રહણ કરવું **प.भू. अ. ए.व. )** ગ્રહણ કર્યું. લીધું. **पाठ्यम् ( पठितुम् योग्यम् - त.प्र. )** પાઠ, સંવાદ, ઉક્તિ **सामभ्यः ( सामन्** સામ નામનો મંત્ર **पं.ब.व. )** સામવેદના મંત્રોમાંથી **गीतम्** ગીતને, ગાનને (ગેયાત્મકતાને) **अभिनयान्** અભિનયને **रसान्** રસોને (શૃંગાર, હાસ્ય, વીર, કરુણ, બીભત્સ, અદ્‌ભુત વગેરે નવ રસોને) **आथर्वणात्** અથર્વવેદમાંથી **क्वचित्** ક્યાંક **धर्मः** ધર્મ (ચાર પુરુષાર્થોમાંનો એક પુરુષાર્થ) **क्रीडा** ક્રીડા, રમત **अर्थः** અર્થ, વિત્ત, ધન (એક પુરુષાર્થ) **शमः** શાંતિ **धर्मप्रवृत्तानाम् ( धर्मे प्रवृत्तानाम् - स.त. )** ધર્મમાં પ્રવૃત્ત રહેનારાઓને **कामोपसेविनाम् ( कामं सेवितुं शीलं येषाम् - कृ.प्र. )** કામનું સેવન કરનારને, કામને ભોગવવાનો સ્વભાવ ધરાવનારાઓને **निग्रहः** સંયમ, કાબૂ **दुर्विनीतानाम्** ખરાબ વર્તન કરનારાઓને **दमक्रिया** દમન કરવાની ક્રિયા **नानाभावोपसम्पन्नम् ( नानाभावैः उपसम्पन्नम् - तृ.त. )** વિવિધ ભાવોથી યુક્ત **नानावस्थान्तरात्मकम् ( नानावस्थाः अन्तरे यस्य तत् - बहु. )** વિવિધ અવસ્થાઓથી યુક્ત **लोकवृत्तानुकरणम् ( लोकस्य वृत्तम् लोकवृत्तम् ( ष.त. ), तस्य अनुकरणम् ( ष.त. ) ) नाट्यम्** નાટક **दुःखार्तानाम् ( दुःखैः आर्ताः, तेषाम् - तृ.त. )** દુઃખથી પીડાયેલાઓને, દુઃખી જનોને **श्रमार्तानाम् ( श्रमैः आर्ताः, तेषाम् - तृ.त. )** મહેનત કરીને થાકેલાઓને, પરિશ્રમથી પીડા પામેલાઓને **शोकार्तानाम् ( शोकैः आर्ताः, तेषाम् - तृ.त. )** શોકથી પીડા પામેલાઓને **तपस्विनाम्** તપસ્વીઓને (નાટ્યકૃતિઓમાં **तपस्विन्**નો અર્થ - બિચારો થાય છે.) **विश्रान्तिजननम् ( विश्रान्तेः जननम् - ष.त. )** શાંતિ પ્રદાન કરનારું, વિશ્રાંતિ આપનારું **काले** સમય આવે ત્યારે, પ્રસંગે **धर्म्यम्** ધર્મને **यशस्यम्** યશને, કીર્તિને **आयुष्यम्** આયુષ્યને, વયને **बुद्धिविवर्धनम् ( बुद्धेः विवर्धनम् - ष.त. )** બુદ્ધિને વધારનારું **लोकोपदेश-जननम् ( लोकानाम् उपदेशः - ( ष.त. ), लोकोपदेशस्य जननम् - ष.त. )** લોકોને ઉપદેશ આપનારું **शिल्पम्** શિલ્પ, કળા **विद्या** વિદ્યા, શાસ્ત્ર **कला** (સંગીતાદિ) કળા **योगः** યોગ **दृश्यते ( दृश् जोवुं क.प्र. व. अ. ए.व. )** દેખાય છે, જોવા મળે છે.

## સન્ધિ

करोम्यहम् ( करोमि अहम् ) । ततश्चक्रे ( ततः चक्रे ) । सामभ्यो गीतमेव ( सामभ्यः गीतम् एव ) । यजुर्वेदादभिनयान् ( यजुर्वेदात् अभिनयान् ) रसानाथर्वणादपि ( रसान् आथर्वणात् अपि ) । क्वचिद्धर्मः ( क्वचित् धर्मः ) । क्वचिदर्थः ( क्वचित् अर्थः ) । क्वचिच्छमः ( क्वचित् शमः ) । क्वचिद्धास्यम् ( क्वचित् हास्यम् ) । क्वचिद्युद्धम् ( क्वचित् युद्धम् ) । क्वचिद्वधः ( क्वचित् वधः ) । धर्मो धर्मप्रवृत्तानाम् ( धर्मः धर्मप्रवृत्तानाम् ) । निग्रहो दुर्विनीतानाम् ( निग्रहः दुर्विनीतानाम् ) । नाट्यमेतन्मया ( नाट्यम् एतत् मया ) । नाट्यमेतद्भविष्यति ( नाट्यम् एतत् भविष्यति ) । तज्ज्ञानम् ( तत् ज्ञानम् ) । तच्छिल्पम् ( तत् शिल्पम् ) । नासौ योगो न ( न असौ योगः न ) । नाट्येऽस्मिन्यन्न ( नाट्ये अस्मिन् यत् न ) ।

## વિશેષ

**1. नाट्याख्यः पञ्चमः वेदः ।** સંસ્કૃત સાહિત્યમાં ચાર વેદ પ્રસિદ્ધ છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આ ચાર વેદોનું સ્થાન ખૂબ ઊંચું છે. એમનો મહિમા પણ સૌથી વધારે છે. આ કારણે જ્યારે કોઈ પોતાને ઇષ્ટ એવા કોઈ ગ્રંથને મહત્ત્વનું સ્થાન આપવા ઇચ્છે કે તેનો મહિમા કરવા ઇચ્છે, ત્યારે તે પોતાના એ ગ્રંથને વેદની સાથે મૂકી આપે છે. વ્યાસકૃત મહાભારતના ચાહકો એનો મહિમા કરવાને માટે महाभारतं पञ्चमो वेदः અર્થાત્ મહાભારત પાંચમો વેદ છે, એમ કહે છે. એ જ રીતે અહીં પણ નાટ્યશાસ્ત્રનો મહિમા કરવા માટે, નાટ્યશાસ્ત્રને પાંચમો વેદ કહેવામાં આવ્યો છે.

નાટ્યશાસ્ત્રને પાંચમા વેદ તરીકે મૂકવાનું એક સબળ કારણ પણ છે. નાટ્યનાં અંગભૂત पाठ्य, अभिनय, गीत અને रस - એ ચાર બાબતોને ચાર વેદમાંથી લેવામાં આવી છે. આ રીતે જોતાં નાટ્યશાસ્ત્રનો સ્રોત વેદ છે, એટલે આને પાંચમો વેદ કહેવો વાજબી છે.

**2. पाठ्यम्** – નાટ્ય પ્રકારની કૃતિમાં જુદાં જુદાં પાત્રો દ્વારા ઉચ્ચારવામાં આવતા સંવાદોને પાઠ્ય કહેવાય છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓની માન્યતા છે કે નાટ્યમાં આવતા પાઠ્યની પ્રેરણા ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે ઋગ્વેદ (મં 10 સૂ. 94)માં આવતા પુરૂરવોર્વશી-સંવાદસૂક્તમાંથી પ્રેરણા લઈને મહાકવિ કાલિદાસે विक्रमोर्वशीयम् નામના સુપ્રસિદ્ધ નાટકની રચના કરી છે.

**3. अभिनयः** – અભિનય નાટ્યનું એક અંગ છે. આપણે ત્યાં જે ચોસઠ કલાઓ માનવામાં આવી છે, તેમાંની એક કલા અભિનય પણ છે. સંસ્કૃત નાટ્ય પરમ્પરામાં અભિનયના ચાર પ્રકારો સ્વીકૃત છે. (1) આંગિક (2) વાચિક (3) આહાર્ય અને (4) સાત્ત્વિક. નાટ્યના અંગ તરીકે અભિનયનો સ્વીકાર કરવાની પ્રેરણા નાટ્યશાસ્ત્રીઓએ યજુર્વેદમાંથી લીધી છે.

**4. रसाः** – નાટ્યશાસ્ત્રમાં આઠ રસો માનવામાં આવ્યા છે. જેમનાં નામ આ પ્રમાણે છે - શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત.

**5. लोकोपदेशजननम्** – સામાન્ય રીતે નાટ્યસાહિત્યનું પ્રયોજન પ્રેક્ષકને રસાસ્વાદ કરાવવાનું છે. પરંતુ નાટ્યસાહિત્ય માત્ર રસાસ્વાદનું જ સાધન બની રહે, તે સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓને માન્ય નથી. તેઓના મતે આ નાટ્યસાહિત્ય લોકોને ઉપદેશ આપવાનું મહત્ત્વપૂર્ણ અને કારગત સાધન છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓની આ માન્યતાને સંસ્કૃતના બધા જ નાટ્યકારોએ બરાબર પાળી બતાવી છે. સંસ્કૃતની કોઈ એવી નાટ્યકૃતિ નથી કે જેમાંથી પ્રજાજનને કોઈને કોઈ બોધ ન મળતો હોય.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां संक्षेपतः संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) सामवेदात् किं जग्राह ?

(2) लोकवृत्तानुकरणं किमस्ति ?

(3) पाठ्यं कस्मात् वेदात् जग्राह ?

(4) कति वेदाः सन्ति, तेषां नामानि लिखत।

**2. સસંદર્ભ સમજાવો :**

(1) नाट्याख्यः पञ्चमः वेदः।

(2) नाट्यमेतद्भविष्यति।

(3) नाट्येऽस्मिन् न दृश्यते।

**3. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર માતૃભાષામાં લખો :**

(1) નાટકને પંચમવેદ કેમ કહ્યો છે ?

(2) નાટ્ય કોને કોને વિશ્રાંતિ આપે છે ?

(3) ચારેય વેદમાંથી નાટ્યની કઈ કઈ બાબતો ગ્રહણ કરવામાં આવી છે ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) રસ

(2) અભિનય

(3) વેદ

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) નાટ્યવેદની ઉત્પત્તિ.

(2) નાટ્યની લોકોપકારકતા

●